ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની અસાધારણ સભા શુક્રવાર, તા.૦૯/૦૫/૨૦૧૪ ના રોજ સવારે ૦૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૯/૦૫/૨૦૧૪ |
|---|---|---|
| ૧. | ડો. એમ. એન. પટેલ | હાજર |
| ૨. | ડૉ. મુકુલભાઇ શાહ, | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૬. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૭. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૮. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૯. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | ગેરહાજર |
| ૧૦. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૧. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૨. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૩. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | ગેરહાજર |
| ૧૪. | ડૉ. શાહ ભરત જે. | ગેરહાજર |
| ૧૫. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૬. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૧૭. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૮. | ડૉ. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | ગેરહાજર |
| ૧૯. | ડૉ. મહિતપસિંહ ચાવડા | ગેરહાજર |
| ૨૦. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | ગેરહાજર |
| ૨૧. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૨. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૩. | શ્રી અમિતભાઇ શાહ | ગેરહાજર |
| ૨૪. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |
| ૨૫. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | ગેરહાજર |
| ૨૫. | ડૉ. મહેશભાઇ પટેલ | ગેરહાજર |
| ૨૬. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં માન.કુલપતિશ્રીએ તેઓશ્રીની અધ્યક્ષતામાં આ પ્રથમ સભા હોઇ, સૌ સભ્યશ્રીઓનું સ્વાગત કરીને આવકાર્યા હતા અને સભ્યશ્રીઓએ પણ તે બદલ કુલપતિશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

બા.ક્ર.૧ તા.૧૩-૨-૨૦૧૪ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ **તા. ૧૩/૦૨/૨૦૧૪ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) વર્ષ ૨૦૧૪ની બેચના પી.જી.મેડિકલ પ્રવેશ પરીક્ષાના પરિણામ જાહેર કર્યા બાદ વિધાર્થીઓ દ્વારા કેટલાક પ્રશ્નોના જવાબ ખોટા આપેલ છે, તેની પુન: ચકાસણી કરવા આવેલ રજૂઆતના સંદર્ભમાં પ્રવેશ સમિતિના અધ્યક્ષશ્રીની રાહબરી હેઠળ વિવિધ વિષય નિષ્ણાંતોને બોલાવી આનસરકીમાં થતો ફેરફાર કરી નિયમોનુસાર પરિણામ જાહેર કર્યાનું.

ઠરાવ **કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લેવામાં આવી.**

બા.ક્ર. ૩ ર્ડા.રંજના હરીશ (Former Prof. & Head Dept. of English & Founder Chair WDC G.U.) તરફથી અગાઉ Mrs.Rita Nagar Desai Memorial Lecture Series માટે આપેલ પ્રદાનને ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી એમ.એ.પરીક્ષામાં English (Entire & Reguler)માં ચંદ્રક આપવા માટે તબદીલ કરવા નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે.

શરતો

૧: Mrs.Rita Nagar Desai Medal should be awarded for M.A. in English for the topper in GU's M.A. in English (Entire & Regular).

૨: સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિર્સિટીની એકિઝકયુટીવ કાઉન્સિલને વખતોવખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અબાધિન અધિકાર રહેશે.

૩: ચંદ્રક એનાયત કરવા અંગે વિજેતાની નાત જાત કે ધર્મનો ભેદ ગણવામાં આવશે નહી.

૪: ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

ઠરાવ **સદરહુ પ્રદાનને ઉપરોકત શરતોને આધીન તબદીલ કરવાનું રાખવું.**

બા.ક્ર. ૪ શ્રી શૈલેષભાઇ આઇ.પટવારી તરફથી શ્રી શૈલેષભાઇ આઇ.પટવારી ચંદ્રક એનાયત કરવા સારૂ રૂા.પચ્ચાસ હજાર પૂરાનું પ્રદાન આપવા અંગે દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

**શરતો**

૧: શ્રી શૈલેષભાઇ આઇ.પટવારી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી T.Y.B.Sc.Bio-Tech.ની પરીક્ષામાં પ્રથમ આવનાર, પ્રથમ પ્રયત્ને આવેલ વિધાર્થી/વિધાર્થીનીને એનાયત કરવાનું રાખવું.

૨: સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટીવ કાઉન્સિલને વખતો વખત કોઇ શરત ઉમેરવાનું કે તેમા ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

૩: ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૪: ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત,જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહી.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

ઠરાવ **સદરહુ પ્રદાનનો ઉપરોકત શરતોને આધીન સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર. **૫** શ્રી જયંતિલાલ કે. પટેલ તરફથી પ્રોફેસર જયંતિ પટેલ ચંદ્રક એનાયત કરવા સારૂ રૂા.પચ્ચાસ હજાર પૂરાનું પ્રદાન આપવા અંગે દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

**શરતો**

૧: પ્રોફેસર જયંતિ પટેલ ચંદ્રક ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી એમ.એ.(M.A.)ની પરીક્ષામાં રાજયશાસ્ત્ર વિષયમાં રાજકીય સિધ્ધાંતોમાં સૌથી વધુ ગુણ મેળવે પ્રથમ પ્રયત્ને આવેલ વિધાર્થી/ વિધાર્થીનીને એનાયત કરવાનું રાખવું.

૨: સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટીવ કાઉન્સિલને વખતો વખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

૩: ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે

અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૪: ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહી.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

**ઠરાવ સદરહુ પ્રદાનનો ઉપરોકત શરતોને આધીન સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

**બા.ક્ર. ૬** ડાયરેકટરશ્રી અંજના બી.શાહ તરફથી સ્વ.પ્રો.ડૉ.આર.કે.ધારૈયા ચંદ્રક એનાયત કરવા સારૂ રૂા.પચ્ચાસ હજાર પૂરાનું પ્રદાન આપવા અંગે દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે.

**શરતો**

૧: સ્વ.પ્રોફેસર ડૉ.આર.કે.ધારૈયા ચંદ્રક ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી એમ.એ. (M.A.)ની પરીક્ષામાં ઇતિહાસ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવે પ્રથમ પ્રયત્ને આવેલ વિધાર્થી/વિધાર્થીનીને એનાયત કરવાનું રાખવું.

૨: સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટીવ કાઉન્સિલને વખતો વખત કોઇ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

૩: ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૪: ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત,જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહી.

૫: આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

**ઠરાવ સદરહુ પ્રદાનનો ઉપરોકત શરતોને આધીન સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

**બા.ક્ર. ૭** ડોકટરશ્રી સ્વ.ડૉ.અમરીશ જગમોહનદાસ પરીખના પત્ની તરફથી ગુજરાત યુનિવર્સિટીના તબીબી ક્ષેત્રમાં અભ્યાસ કરતા જુદી જુદી નીચે મુજબની ફેકલ્ટીના પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલ વિધાર્થી- વિધાર્થીનીને વર્ષ ૨૦૧૪થી સ્વ ડૉ.અમરીશ જગમોહનદાસ પરીખ ચંદ્રક એનાયત કરવા સારૂ રૂપિયા ત્રણલાખ પૂરાનું પ્રદાન આપવાની દરખાસ્ત નીચેની શરતોને આધિન મંજૂર કરવા અંગે.

**શરતો**

૧: એમ.બી.બી.એસ.માં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થી

૨: એમ.બી.બી.એસ.માં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થીની

૩: એમ.બી.બી.એસ.(સર્જરી)માં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થી

૪: એમ.બી.બી.એસ.(સર્જરી)માં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થીની

૫: એમ.એસ.માં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થી

૬: એમ.સી.એમ. ગેસ્ટ્રોમાં પ્રથમ નંબરે પાસ થનાર વિધાર્થી

૨:સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટીવ કાઉન્સિલને વખતો વખત કોઇ શરત ઉમેરવાનુ કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

૩:ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શકય હશે ત્યાંસુધી જાહેર કરવામાં આવશે અને શકય હશે ત્યાંસુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૪:ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહી.

૫:આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

ઠરાવ **સદરહુ પ્રદાનનો ઉપરોકત શરતોને આધીન સાભાર સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર.૮ નામ.હાઇકોર્ટના હુકમના આધારે રાજય સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ઉગજ/૨૬૧૦/સી.સી/૮૦૩૧/ખ.૧તા.૧-૯-૧૨થી SNDT યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન તમામ કોલેજોનું જોડાણ સ્થાનિક યુનિવર્સિટીમાં તબદીલ કરવા જણાવેલ હોઇ, સિધ્ધાર્થ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત- વિધાનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેટેલાઇટ,અમદાવાદ-૧૫ની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી પ્રથમ વર્ષ બી.એ. તેમજ બી.કોમ.નું નવુ (એડહોક) જોડાણ મેળવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત:

(સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આ સાથે **પરિશિષ્ટ**- ૧ તરીકે સામેલ છે.)

(નોંધ:૧:કોલેજ દ્વારા અહેવાલમાં જણાવેલ તમામ બાબતોની પૂર્તતા કરીને બાંહેધરીપત્ર આપેલ છે.

૨:શિક્ષણ વિભાગનો ઠરાવ આ સાથે પરિશિષ્ટ- ૨ તરીકે સામેલ છે.

૩:આ કોલેજે જોડાણ મેળવવા માટે નામ.હાઇકોર્ટમાં SCA No.૬૫૮૬/૨૦૧૪થી રીટ પીટીશન કરી છે.

ઠરાવ **SNDT Women's University માંથી NOC લઇને આવેલ ઉપરોકત કોલેજને ગુજરાત યુનિવર્સિટીમાં જોડાણ આપવા અંગેની બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. સભ્યશ્રીઓએ ધ્યાન દોર્યું કે નવી કોલેજને જોડાણ આપવા માટે ગુજરાત યુનિવર્સિટીએ ચોકકસ નિયમો બનાવ્યા છે અને તે મુજબ નવી કોલેજ માટે જરૂરિયાત (Need) હોવી જોઇએ. નવી કોલેજો શરૂ કરવા માટે છાપામાં જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી જોઇએ. ત્યારબાદ નવા જોડાણ માટેની જે શરતો ગુજરાત યુનિવર્સિટી ધ્વારા નકકી કરવામાં આવી છે તેનું પરિપાલન થાય છે કે કેમ તેને માટે સ્થાનિક તપાસ સમિતિની રચના કરી અહેવાલ મેળવવામાં આવે છે અને તે અહેવાલ એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલમાં મુકી યોગ્ય જણાય તો મંજુરી આપવામાં આવે છે, જેનું**

પરિપાલન થયેલ નથી. વધુમાં સભ્યોએ ધ્યાન દોર્યું કે સિધ્ધાર્થ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિધાનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ ધ્વારા ૨૦૦૪-૦૫માં પ્રથમ વર્ષનું જોડાણ લીધેલ હતું. ૨૦૦૮-૦૯ થી ૨૦૧૩-૧૪ સુધી (છેલ્લાં છ વર્ષમાં) એક પણ વિધ્યાર્થીએ પ્રવેશ મેળવેલ નથી. મેનેજમેન્ટના જણાવ્યા પ્રમાણે સંસ્થા જો ગુજરાત યુનિવર્સિટી જોડાણ આપે તો જરૂરી સ્ટાફ ભરશે. આમ, સંસ્થા પાસે શૈક્ષણિક કે વહીવટી કર્મચારીઓ નથી. આથી કોઇ વિધ્યાર્થીના ભાવીનો કે કર્મચારીઓની નોકરી અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વધુમાં સભ્યોએ જણાવ્યું કે ચાલું વર્ષ ૨૦૧૪-૧૫માં કોઇ નવી કોલેજને જોડાણ આપવામાં આવ્યું નથી અને અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪માં ધોરણ-૧૨ કોમર્સનું પરિણામ ૮૯% જેટલું ઉંચુ આવવા છતાં કોઇ વિધ્યાર્થી પ્રવેશથી વંચિત રહેલ નથી અને કેટલીક કોલેજોમાં તો જગ્યાઓ ખાલી રહી હતી.

ઉપરોકત સંસ્થા ધ્વારા ૨૦૦૪-૦૫થી વર્ષ ૨૦૧૩-૧૪ સુધી SNDT Women's University સાથે જોડાણ ચાલું હતું તેના કોઇ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી.

આમ, ઉપર જણાવેલ તમામ બાબતો / અનિયમિતતાઓ ઉપર લંબાણપૂર્વકની ચર્ચાને અંતે સિધ્ધાર્થ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વિધાનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫ને આપેલ જોડાણ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**SNDT Women's University** પાસેથી આ કોલેજના તમામ વર્ષના જોડાણની નકલો મેળવવાનું રાખવું.

નવું જોડાણ આપેલ સદરહુ કોલેજ પાસેથી જોડાણ પેટે જે કોઇ જોડાણ ફી, ડિપોઝીટ, ડેવલપમેન્ટ ફી તેમજ ટ્રાન્સફર ફી સહિત અન્ય કોઇ ફી લેવામાં આવી હોય તે ફી તાત્કાલિક કોલેજને પરત કરવી. વધુમાં સદરહુ કોલેજને પત્ર લખીને જાણ કરવી કે ભવિષ્યમાં જયારે ગુજરાત યુનિવર્સિટી ધ્વારા નવી કોલેજોને જોડાણ આપવા માટે અરજીઓ મંગાવવામાં આવે ત્યારે કોલેજે અરજી કરવાનું રાખવું.

**બા.ક્ર.૯** નામ.હાઇકોર્ટના હુકમના આધારે રાજય સરકારના શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ઉગજ/૨૬૧૦/સી.સી/૮૦૩૧/ખ.૧તા.૧-૯-૧૨થી SNDT યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન તમામ કોલેજોનું જોડાણ સ્થાનિક યુનિવર્સિટીમાં તબદીલ કરવા જણાવેલ હોઇ, મોનાર્ક એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત- જીવીબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ.વહેલાલ,તા.દશક્રોઇ,જી.અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૪-૧૫થી પ્રથમ વર્ષ બી.એ. તેમજ બી.કોમ.નું નવુ (એડહોક) જોડાણ મેળવવા માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત:
(સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આ સાથે પરિશિષ્ટ- ૩ તરીકે સામેલ છે.)
(નોંધ:૧:કોલેજ દ્વારા અહેવાલમાં જણાવેલ તમામ બાબતોની પૂર્તતા કરીને બાંહેધરીપત્ર આપેલ છે.

૨:શિક્ષણ વિભાગનો ઠરાવ આ સાથે પરિશિષ્ટ- ૪ તરીકે સામેલ છે.

ઠરાવ **SNDT Women's University માંથી NOC લઇને આવેલ ઉપરોકત કોલેજને ગુજરાત યુનિવર્સિટીમાં જોડાણ આપવા અંગેની બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. સભ્યશ્રીઓએ ધ્યાન દોર્યું કે નવી કોલેજને જોડાણ આપવા માટે ગુજરાત યુનિવર્સિટીએ ચોકકસ નિયમો બનાવ્યા છે અને તે મુજબ નવી કોલેજ માટે જરૂરિયાત (Need) હોવી જોઇએ. નવી કોલેજો શરૂ કરવા માટે છાપામાં જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી જોઇએ. ત્યારબાદ નવા જોડાણ માટેની જે શરતો ગુજરાત યુનિવર્સિટી ધ્વારા નકકી કરવામાં આવી છે તેનું પરિપાલન થાય છે કે કેમ તેને માટે સ્થાનિક તપાસ સમિતિની રચના કરી અહેવાલ મેળવવામાં આવે છે અને તે અહેવાલ એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટિવ કાઉન્સિલમાં મુકી યોગ્ય જણાય તો મંજુરી આપવામાં આવે છે, જેનું પરિપાલન થયેલ નથી. વધુમાં સભ્યોએ ધ્યાન દોર્યું કે મોનાર્ક એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત જીવીબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ. વહેલાલ, તા. દશકોઇ, જી. અમદાવાદ ધ્વારા ૨૦૦૮-૦૯માં SNDT Women's University માં પ્રથમ વર્ષનું જોડાણ લીધેલ હતું. ૨૦૧૨-૧૩ થી ૨૦૧૩-૧૪ સુધી (છેલ્લાં બે વર્ષમાં) એક પણ વિધ્યાર્થીએ પ્રવેશ મેળવેલ નથી. મેનેજમેન્ટના જણાવ્યા પ્રમાણે સંસ્થા જો ગુજરાત યુનિવર્સિટી જોડાણ આપે તો જરૂરી સ્ટાફ ભરશે. આમ, સંસ્થા પાસે હાલ શૈક્ષણિક કે વહીવટી કર્મચારીઓ અને વિધ્યાર્થીઓ નથી. આથી કોઇ વિધ્યાર્થીના ભાવીનો કે કર્મચારીઓની નોકરી અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.**

**વધુમાં સભ્યોએ જણાવ્યું કે ચાલું વર્ષ ૨૦૧૪-૧૫માં કોઇ નવી કોલેજને જોડાણ આપવામાં આવ્યું નથી અને અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪માં ધોરણ-૧૨ કોમર્સનું પરિણામ ૮૯% જેટલું ઉંચુ આવવા છતાં કોઇ વિધ્યાર્થી પ્રવેશથી વંચિત રહેલ નથી અને કેટલીક કોલેજોમાં તો જગ્યાઓ ખાલી રહી હતી.**

**ઉપરોકત સંસ્થા ધ્વારા ૨૦૦૮-૦૯થી વર્ષ ૨૦૧૩-૧૪ સુધી SNDT Women's University સાથે જોડાણ ચાલું હતું તેના કોઇ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી.**

**આમ, ઉપર જણાવેલ તમામ બાબતો / અનિયમિતતાઓ ઉપર લંબાણપૂર્વકની ચર્ચાને અંતે મોનાર્ક એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત જીવીબા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુ. વહેલાલ, તા. દશક્રોઇ, જી. અમદાવાદને આપેલ જોડાણ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.**

**SNDT Women's University પાસેથી આ કોલેજના તમામ વર્ષના જોડાણની નકલો મેળવવાનું રાખવું.**

**નવું જોડાણ આપેલ સદરહુ કોલેજ પાસેથી જોડાણ પેટે જે કોઇ જોડાણ ફી, ડિપોઝીટ, ડેવલપમેન્ટ ફી તેમજ ટ્રાન્સફર ફી સહિત અન્ય કોઇ ફી લેવામાં આવી હોય તે ફી તાત્કાલિક કોલેજને પરત કરવી. વધુમાં સદરહુ કોલેજને પત્ર લખીને જાણ કરવી કે ભવિષ્યમાં જયારે ગુજરાત**

યુનિવર્સિટી ધ્વારા નવી કોલેજોને જોડાણ આપવા માટે અરજીઓ મંગાવવામાં આવે ત્યારે કોલેજે અરજી કરવાનું રાખવું.

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતા :

(૧) **SNDT Women's University** સાથે સંલગ્ન કોલેજોને વર્ષ ૨૦૧૪-૧૫ માટે ગુજરાત યુનિવર્સિટીના નિયમ વિરૂધ્ધ જે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ આપવામાં આવ્યું છે તેની તપાસ કરવા સમિતિની રચના કરવી. ડે. રજીસ્ટ્રાર (એકેડેમિક, પી.જી. અને જનરલ) અને આસીસ્ટંટ રજીસ્ટ્રાર (એકેડેમિક અને પી.જી.)ની તાત્કાલિક અસરથી આ વિભાગમાંથી બદલી કરવાનું રાખવું.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન આ પ્રકારે **SNDT Women's University** ની જે બે કોલેજોને તત્કાલીન કુલપતિ ધ્વારા યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) (એ) હેઠળ જોડાણ આપવામાં આવ્યું છે તે કોલેજોને **disaffiliate** કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી. આ કોલેજોને આપવામાં આવેલ જોડાણની સમગ્ર પ્રક્રિયાની તપાસ કરવા એક કમીટીની રચના કરવી અને કમીટીની તપાસના અહેવાલના આધારે જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

(૨) આ બન્ને કોલેજોની તપાસ માટે ત્રણ સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ મુકવામાં આવી હતી, જયારે રીપોર્ટમાં માત્ર બે જ સભ્યોની સહી છે તો આ બાબતે સ્થાનિક તપાસ સમિતિના ચેરમેનશ્રીનું ધ્યાન દોરવાનું રાખવું.

(૩) ૨૦૧૩-૧૪માં યોજાએલ ગુજરાત યુનિવર્સિટી સેનેટ તથા વેલ્ફેરની ચૂંટણીની કામગીરી માટે જે અધિકારીઓને પુરસ્કાર/મહેનતાણું ચુકવવામાં આવ્યું છે તે તાત્કાલિક પરત મેળવવાનું રાખવું. ભવિષ્યમાં જયારે અધિકારીઓને રજાના દિવસે યુનિવર્સિટીમાં ફરજ પર બોલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેઓએ રજાના દિવસે બજાવેલ ફરજના કલાકોને ધ્યાનમાં લઇને કલાકના દર પ્રમાણે પુરસ્કાર/મહેનતાણું ચુકવવાનું રાખવું.

(૪) બી.કોમ./ બી.બી.એ. / બી.સી.એ. / બી.એડ / એમ. એડ જેવા અભ્યાસક્રમો માટે કેન્દ્રીય પ્રવેશ સમયે પણ તેમાં રોકાયેલા અધિકારીઓને પણ ઉપર પ્રમાણે ચુકવણું કરવાનું રાખવું.

(૫) ગુજરાત યુનિવર્સિટીના ઘણા બીલ્ડીંગોના ધાબામાંથી ચોમાસા સમયે પાણી ટપકે છે. આ કારણે બીલ્ડીંગ તેમજ ફર્નિચર અને પ્રયોગશાળાને નુકસાન થાય છે. આ સંજોગોમાં જે બીલ્ડીંગમાં પાણી ટપકવાની ફરિયાદ હોય તેના ધાબામાં ચાઇના મોઝેક લગાવવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી.

(૬) સભ્યોના ધ્યાનમાં આવ્યું છે કે યુનિવર્સિટી કવાર્ટર્સની ફાળવણી પગારધોરણ મુજબ કરવામાં આવતી નથી અને ખાસ કિસ્સામાં કર્મચારીઓને જે કવાર્ટર મળવાપાત્ર હોય તેના કરતાં ઉંચી કક્ષાનું કવાર્ટર ફાળવવામાં આવે છે પરિણામે જે શિક્ષક/કર્મચારીને તે કવાર્ટર મળવાપાત્ર થતું હોવા છતાં પણ કવાર્ટર મળતું નથી, આથી તાત્કાલિક ધોરણે યુનિવસિટી ધ્વારા ફાળવવામાં આવેલા કવાર્ટરની ફાળવણીની ચકાસણી કરી નિયમ મુજબ મળવાપાત્ર કવાર્ટર ફાળવવું. જો તેઓને ખાસ કિસ્સામાં કે અન્ય રીતે તેમને મળવાપાત્ર કવાર્ટર કરતાં ઉંચુ કવાર્ટર ફાળવ્યું હોય તો તાત્કાલિક તે કવાર્ટર ખાલી કરાવી તેમને મળવાપાત્ર કવાર્ટરમાં તબદીલ કરવાનું રાખવું. કવાર્ટરની ફાળવણી સરકારશ્રીના નિયમ મુજબ કરવાનું રાખવું.

(૭) યુનિવર્સિટીના રોડ રીસરફેસ કરાવવા માટે એસ્ટીમેટ તૈયાર કરાવવો અને ૫૦%, ૫૦% ના ધોરણે આ કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવાનું રાખવું.

(૮) ચીફ વોર્ડનને ગેસ્ટ હાઉસનો વધારાનો ચાર્જ આપેલ છે તે વધારાનો ચાર્જ તેમની પાસેથી પરત લઇને યુનિવર્સિટીના શિક્ષકને સોંપવાનું રાખવું.

(૯) યુનિવર્સિટી કાર્યાલય, ભવનોમાં શિક્ષકો અને કર્મચારીઓની હાજરી માટે બાયોમેટ્રીક સીસ્ટમ લગાવવાનું રાખવું.

(૧૦) રીસેસ સમય સિવાય અધિકારીઓની રૂમમાં અન્ય અધિકારીઓ ભેગા થઇને મીટીંગો કરે છે તે બાબત ઘણી ગંભીર છે. રિસેસ સિવાય અધિકારીઓના રૂમમાં ભેગા થઇને મીટીંગો કરવાનું તાત્કાલિક બંધ કરવાનું રાખવું.

(૧૧) એવું ધ્યાનમાં આવ્યું છે કે વિભાગ ધ્વારા મંજુરી માટે જે નોંધ મુકવામાં આવે છે તેમાં વિભાગના અધિકારીઓ પોતાની નોંધ મુકતા નથી અને માત્ર સહી કરે છે, જે યોગ્ય નથી. વિભાગની નોંધમાં વિભાગના અધિકારીઓ ધ્વારા સ્પષ્ટ નોંધ / ભલામણ કરવાનું રાખવું અન્યથા કુલસચિવશ્રીએ તે ફાઇલ જે તે વિભાગમાં પરત મોકલવાનું રાખવું.

(૧૨) ગુજરાત યુનિવર્સિટીના જે કર્મચારીઓને ૧૨ વર્ષ, ૨૪ વર્ષ પૂર્ણ થતાં ઉચ્ચત્તર પગારધોરણનો લાભ મળવાપાત્ર થાય છે તે કર્મચારીઓને તેના લાભ રાજય સરકારશ્રીના લોકલ ફંડ ધ્વારા મંજુર કરાવીને તાત્કાલિક ચુકવવાનું રાખવું.

(૧૩) એકિઝકયુટિવ કાઉન્સિલ કે કુલપતિશ્રી ધ્વારા કોઇ બાબતે / મુદ્દે કમીટી બનાવવામાં આવી હોય તો જે તે વિભાગે ધ્યાન રાખવું કે તે કમીટીની પ્રથમ મીટીંગ આદેશના પંદર દિવસમાં મળે અને તેની જાણ કુલસચિવશ્રીના સચિવને કરવાનું રાખવું.

(૧૪) ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે મળવાપાત્ર હકક રજાઓ અંગેનો પરિપત્ર કરી તેનો અમલ કરવાનું રાખવું.

(૧૫) **Career Advancement Scheme (CAS)** ની પ્રક્રિયા ઘણા સમયથી બાકીમાં છે. અધ્યાપકોને આ યોજના પ્રમાણે લાભ તાત્કાલિક મળે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી અને આ અંગે યોગ્ય તે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

(૧૬) **Computer on Wheel (COW)** હાલમાં બંધ હાલતમાં પડી છે તેમાં જરૂરી ખર્ચ કરી તેનો ઉપયોગ કરવાનું રાખવું અને તે માટે જે કોઇ એમ.ઓ.યુ. કરવાના થાય તો તે માટેની સત્તા કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૧૭) રાજય સરકારશ્રી ધ્વારા એન્જીનીયરીંગ, મેનેજમેન્ટ જેવા પ્રોફેશનલ કોર્ષમાં કેન્દ્રીય ધોરણે રાજયના વિધ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે તે ધ્યાનમાં લઇને ચાલું વર્ષ ૨૦૧૪-૧૫થી ગુજરાત યુનિવર્સિટીના બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., પાંચ વર્ષીય ઇન્ટીગ્રેટેડ કોર્ષ એમ.બી.એ., એમ.એસસી. આઇ.ટી. જેવા અભ્યાસક્રમોમાં ગુજરાત રાજયના વિધ્યાર્થીઓને કેન્દ્રીય ધોરણે પ્રવેશ આપવાનું રાખવું. આ કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ માટે સમિતિ નીમવાનું રાખવું તેમજ એક મોનીટરીંગ કમીટી પણ બનાવવાનું રાખવું. કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ દાખલ કરવા માટે જે કોઇ નિર્ણય લેવાના થાય તે નિર્ણયો લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું રાખવું.
ઉપરોકત અભ્યાસક્રમોમાં કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ દાખલ કરવા બદલ સભ્યોએ કુલપતિશ્રીને અભિનંદન આપ્યા.

(૧૮) ગુજરાત યુનિવર્સિટીની મહત્વની કુલસચિવ, ગ્રંથપાલ અને પરીક્ષા નિયામકની જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી છે. પરિણામે યુનિવર્સિટીની કામગીરીને ઘણી જ અસર પડી છે. આ સંજોગોમાં આ જગ્યાઓ ભરવા માટે તાત્કાલિક જાહેરખબર આપી તે ભરવાની કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડૉ. બી. વી. પટેલ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/ 193 /૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૦૯-૦૫-૨૦૧૪